# મોડાસામાં આંધીના પવને ટ્રાફિક કેબીનને હવામાં ફંગોળતા અફડાતફડી

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લાના વાતાવરણમાં છેલ્લા કેટલાક દિવસોથી નાટ્યાત્મક ફેરફારો જોવા મળી રહ્યા છે. હાલ ઉત્તર અફઘાનિસ્તાનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સાથે અપર એર સાયક્લોનિક સરક્યુલેશનની સિસ્ટમ સર્જાવાની આશંકાઓ વચ્ચે આકાશી વાદળો અને સૂર્યદેવની સંતાકૂકડીની રમતથી ખેડૂતોમાં ભારે વિમાસણ અનુભવી રહ્યા છે. મોડાસા શહેરની સહયોગ ચોકડી પર કુદરતનું રૌદ્ર સ્વરૂપ જોઈ શહેરીજનો, દુકાનદરો અને વાહનચાલકોને થોડી મિનિટ શ્વાસ થંભી ગયા હતા.



મોડાસા સહયોગ ચોકડી પરથી તીવ્ર પવનની ગતિ સાથે પસાર થયેલી આંધીએ સર્કલ પર બનાવેલ ટ્રાફિક કેબીનને હવામાં ફંગોળવાની સાથે ધૂળની ડમરીઓ ઉડતા અને પવનની ગતિથી રોડ પરથી પસાર થતા વાહનચાલકો પણ ફફડી ઉઠ્યા હતા. નાના વાહનચાલકો રોડ પર વાહન ઉભું રાખી બચવા દોડાદોડી કરી હતી.

સહયોગ ચોકડી પર આવેલી રહેણાંક સોસાયટીઓ અને ધંધાર્થીઓ ભારે પવન સાથેની ઘૂંટીથી જીવ તાળવે ચોંટ્યા હતા. સદનસીબે ઘૂંટીની તીવ્રતા ઘટતા અને દિશા બદલાતા જાનહાની ટળી હતી.

# કેમેરાની બાજ નજર વચ્ચે આજથી ધો. ૧૦-૧૨ની પરીક્ષાનો પ્રારંભ

## જિલ્લાના ૬ પરીક્ષા કેન્દ્રોને સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ જાહેર કરાયા

## ધોરણ-૧૦માં ૩૨૧૨૬ અને ધોરણ-૧૨માં ૧૭૧૫૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

હિંમતનગર, તા. ૫

લોકસભાની ચૂંટણીનો લઈને વર્ષ ૨૦૧૮-૧૯ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ દ્વારા લેવાનારી ધો. ૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષા અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ આજથી શરૂ થશે. જે અંતર્ગત સાબરકાંઠાના ધો. ૧૦ના ૩૨૧૨૬ અને ધો. ૧૨ના ૧૭૧૫૯ વિદ્યાર્થીઓ ૧૨૪૯ બ્લોકમાં સીસીટીવી કેમેરાની બાજ નજર વચ્ચે ચુસ્ત બંદોબસ્ત સાથે પરીક્ષા આપશે.

આ અંગે જિલ્લા શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ તા. ૭ માર્ચ એટલેકે આજથી શરૂ થનારી ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં ધો. ૧૦ અને ૧૨ના મળી ૪૯૨૮૫ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ પરીક્ષા આપશે. જોકે ધો. ૧૦માં હિંમતનગર અને ઈડર ઝોનમાં આવેલા ૩૪ પરીક્ષા કેન્દ્રોના ૮૮ બિલ્ડીંગોના ૧૦૪૪ બ્લોકમાં ધો. ૧૦ના ૩૨૧૨૬ જ્યારે સામાન્ય પ્રવાહના ૪૩ પરીક્ષા કેન્દ્રોના ૪૪૮ બ્લોકમાં ૧૩૦૯૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

જોકે સાબરકાંઠામાં ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ૪ કેન્દ્રો છે જે મુજબ ૨૦ બિલ્ડીંગોના ૨૦૫ બ્લોકમાં અંદાજે ૪૦૬૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ઉલ્લેખનીય છે કે ધો. ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ કરતા વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓની સંખ્યા ખુબજ ઓછી હોવાને કારણે તેના માટે બોર્ડના સત્તાવાળાઓએ સાબરકાંઠામાં ૪ કેન્દ્રો માન્ય રાખ્યા છે જેમાં તલોદ, હિંમતનગર, ઈડર અને વડાલી કેન્દ્રનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષામાં સાબરકાંઠાના કેટલાક પરીક્ષા કેન્દ્રોમાં ભૂતકાળમાં થયેલી માસ ચોરીની ઘટનાઓનું આ વર્ષે ફરીથી પુનરાવર્તન ન થાય તે માટે બોર્ડના સત્તાવાળાઓએ ધો. ૧૦ અને ૧૨માં ૮ પરીક્ષા કેન્દ્રોને સંવેદનશીલ અને અતિસંવેદનશીલની કેટેગરીમાં મુક્યા છે. જે અંતર્ગત ધો. ૧૦માં પોશીના તાલુકાનું લાંબડીયા, પ્રાંતિજ તાલુકાનું મજરા કેન્દ્ર સંવેદનશીલ જ્યારે વિજયનગરનુ બિલડીયા અને અંદ્રખા કેન્દ્રને અતિસંવેદનશીલ જાહેર કરાયા છે.

તેજ પ્રમાણે ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં પોશીનાનુ લાંબડીયા અને પ્રાંતિજનું મજરા કેન્દ્ર સંવેદનશીલમાં આવી જાય છે જ્યારે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં તલોદ પરીક્ષા કેન્દ્રને સંવેદનશીલ જાહેર કરાયું છે. આજથી શરૂ થનારી ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાઓનું સંચાલન હિંમતનગર અને ઈડર ઝોનમાંથી થનાર છે. પરીક્ષા દરમ્યાન ચોરી ન થાય તે માટે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ દ્વારા સ્કોર્ડના અધિકારીઓ તેમના રૂટ મુજબ જે તે પરીક્ષા કેન્દ્રની ચાલુ પરીક્ષામાં મુલાકાત લેશે.

# મોડાસામાં સફાઈ કામદારો દ્વારા ઉગ્ર દેખાવો યોજાયા

મોડાસા, તા. ૬

સમગ્ર ગુજરાત રાજ્યમાં સફાઈ કામદારોની વિવિધ પડતર માંગણીઓ લઈને હડતાલરૂપી આંદોલન બીજા દિવસે યથાવત રહેતા અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં હડતાલના બીજા દિવસે ચાર રસ્તા ટાઉનહોલ ખાતે સફાઈ કર્મચારીઓએ અનોખી રીતે વિરોધ પ્રદર્શન કરી પડતર મંગણીઓના ન્યાય માટે ઉગ્ર માંગ કરી હતી.



અરવલ્લી જીલ્લામાં ૭૦૦થી વધુ સફાઈ કર્મચારીઓ હડતાલ પર ઉતર્યા છે. મોડાસા ચાર રસ્તા નગરપાલિકા ટાઉનહોલ નીચે મહિલા સફાઈ કર્મચારીઓએ "હાય રે મોદી હાય હાય"ના છાજીયા લીધા હતા. પુરુષ સફાઈ કામદારોએ અર્ધ નગ્ન થઈ વિરોધ નોંધાવાની સાથે પુરુષ-મહિલા કર્મચારીઓએ પડતર માંગણીઓ માટે ગરબા રમી સરકાર સામે વિરોધ પ્રદર્શન કરી ન્યાયની માંગ કરી હતી.

## ભારતની ફરી ચેતવણી... ● પહેલા પાનાનું ચાલુ

છે. ખાસ કરીને પુંચ અને રાજૌરી જિલ્લામાં રહેતા લોકોને સૌથી મોટી રાહત થઈ છે. પાકિસ્તાને છેલ્લા એક સપ્તાહના ગાળામાં જ ૬૦ વખત યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો છે. જેમાં ચાર નાગરિકોના મોત થયા છે. જેમાં એક પરિવારના ત્રણ સભ્યોનો સમાવેશ થાય છે. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે પુલવામા ખાતે સીઆરપીએફના કાફલા પર ભીષણ આત્મઘાતી હુમલો કરવામાં આવ્યા બાદ તંગદીલી પ્રવર્તી રહી છે. આ આત્મઘાતી હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરના પુલવામા ખાતે સીઆરપીએફના કાફલાને ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલા ત્રાસવાદી હુમલામાં ૪૦ જવાનો શહીદ થયા બાદ ભારત દ્વારા પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમા ત્રાસવાદી અડ્ડાઓને હવાઈ હુમલા કરીને ફુંકી મારવામાં આવ્યા બાદ પાકિસ્તાનની નાપાક હરકત સરહદ પર જારી રહી છે.

## અયોધ્યા કેસમાં... ● પહેલા પાનાનું ચાલુ

માલિકીને લઈને હિન્દુ અને મુસ્લિમ સમુદાયના લોકો વચ્ચે સદીઓથી વિવાદ જારી છે. અલ્હાબાદ હાઈકોર્ટે વર્ષ ૨૦૧૦માં ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો જેની સામે સતત અરજીઓ કરવામાં આવી હતી. અલ્હાબાદ હાઈકોર્ટે વર્ષ ૨૦૧૦માં ઐતિહાસિક ચુકાદો આપતા વિવાદાસ્પદ જમીનને ત્રણ ભાગોમાં વિભાજિત કરી હતી જેમાં રામલલ્લા, સુન્ની વક્ફ બોર્ડ અને નિરમોહી અખાડા વચ્ચે જમીન વિભાજિત કરી હતી. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં આ મામલાની સુનાવણી આવતીકાલથી શરૂ થશે. તત્કાલિન સીજેઆઈ દિપક મિશ્રા, જસ્ટિસ અશોક ભૂષણ અને જસ્ટિસ એસ અબ્દુલનઝીરની બેંચે છેલ્લા ચુકાદામાં સાત વર્ષ જુની અરજી પર વહેલીતકે સુનાવણી આડેની અડચણોને દૂર કરી હતી. અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને આ અરજી દાખલ કરવામાં આવી હતી.

## રાફેલ ડીલના દસ્તાવેજો... ● પહેલા પાનાનું ચાલુ

સ્થળો ઉપર હુમલા કરવાના નિષ્ફળ પ્રયાસ કર્યા હતા. આનો ઉલ્લેખ પણ આજે કરવામાં આવ્યો હતો. એટર્ની જનરલે ક્હયું હતું કે, એફ-૧૬થી મુકાબલા માટે રાફેલ ખુબ જરૂરી છે. એટર્ની જનરલ કેકે વેણુગોપાલે કહ્યું હતું કે, એફ-૧૬ ખુબ આધુનિક યુદ્ધ વિમાન છે. અમને આના કરતા વધારે સારા વિમાનની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, મિગે ખુબ સારી કામગીરી અદા કરી છે જે ૧૯૬૦માં બન્યું હતું. એજીએ કહ્યું હતું કે, મામલામાં સીબીઆઈ તપાસથી રાફેલને લઈને ચાલતી ડિલને નુકસાન થશે અને આ બાબત દેશહિતમાં યોગ્ય રહેશે નહીં. કોર્ટે આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહ તરફથી દાખલ કરવામાં આવેલી સમીક્ષા અરજીને ફગાવી દીધી હતી. હવે માત્ર એક સમીક્ષા અરજી બચી છે જે યશવંતસિંહા, અરુણ શૌરી અને વરિષ્ઠ વકિલ પ્રશાંત ભૂષણની છે. આ પહેલા એટર્ની જનરલે કોર્ટમાં કહ્યું હતું કે, રાફેલ સાથે જોડાયેલા સંરક્ષણ મંત્રાલય મામલામાં કેટલીક ફાઈલો ચોરી થઈ ગઈ છે.

## પાકના દાવાને... ● પહેલા પાનાનું ચાલુ

હવાઈ હુમલા કર્યા બાદ પાકિસ્તાને ભારતીય સૈન્ય સ્થળો પર હુમલા કરવાના પ્રયાસ કર્યા હતા. આ ગાળા દરમિયાન ડોટ ફાઈટ થઈ હતી. પાકિસ્તાની વાયુ સેના સાથે હવાઈ સંઘર્ષ દરમિયાન ભારતીય હવાઈ દળના વિંગ કમાન્ડર અભિનંદને મિંગ-૨૧ બાયસન વિમાન મારફતે હુમલો કરીને પાકિસ્તાની એફ-૬ વિમાનને ફુંકી માર્યુ હતુ. આ ગાળા દરમિયાન અભિનંદનના મિગ-૨ને પાકિસ્તાને તોડી પાડ્યુ હતુ. જો કે અભિનંદન પેરાશુટ દ્વારા પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં પહોંચી ગયા હતા. જ્યાં તેમને પાકિસ્તાની સેનાએ કસ્ટડીમાં લઈ લીધા હતા. ભારતના દબાણ બાદ આખરે પાકિસ્તાનને અભિનંદનને છોડવાની ફરજ પડી હતી. સંરક્ષણ મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યુ છે કે પાકિસ્તાની યુદ્ધ વિમાનોને રોકવા માટે તૈનાત તમામ સુખોઈ -૩૦ સુરક્ષિત પરત ફર્યા હતા. પાકિસ્તાનના દાવાને રદિયો આપવામાં આવ્યો છે.

## રેકોર્ડ તૂટ્યો... ● પહેલા પાનાનું ચાલુ

લોકો નોકરી કરતાં હોવાનો અંદાજ છે. જ્યારે ગયા વર્ષે ફેબ્રુઆરીમાં આ સંખ્યા ૪૦.૬ કરોડ આસપાસ હતી.

નોંધનીય છે કે, એપ્રિલથી મે મહિના દરમિયાન દેશમાં લોકસભા ચૂંટણી થવાની છે. આ સંજોગોમાં આ આંકડા મોદી સરકાર માચટે તકલીફ ઉભી કરી શકે તેવા છે. જોકે સરકાર બેરોજગારીના પોતાના સ્તરના આંકડા પણ રજૂ કરતાં હોય છે અને સરકારે વાંરવાર કહ્યું છે કે, બેરોજગારી દર માપવામા જૂના માપદંડમાં ફેરફારની જરૂર છે.

ગયા ડિસેમ્બર મહિનામાં એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ૨૦૧૭-૧૮માં બેરોજગારીનું સ્તર ૪૫ વર્ષના રેકોર્ડ હાઈ લેવલ પર પહોંચી ગયું છે. તે રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, તે એનએસએસસોનો લીક રિપોર્ટ છે.

## મુકેશ અંબાણી... ● પહેલા પાનાનું ચાલુ

અજય પિરામલ ૪૩૬માં, બાયોકોનના સ્થાપક કિરણ મજુમદાર ૬૧૭માં, ઈન્ફોસીસના સહસ્થાપિક નારાયણ મૂર્તિ ૯૬૨માં અને આરકોમના ચેરમેન અનિલ અંબાણી ૧૩૪૯માં સ્થાને છે. ફોર્બ્સની યાદીમાં આ વર્ષે ભારતીયો પણ મોટી સંખ્યાં સામેલ રહ્યા છે. મુકેશ અંબાણીની સંપત્તિમાં અવિરતપણે વધારો થઈ રહ્યો છે. જાણકાર લોકોનું કહેવું છે કે, આવનાર વર્ષોમાં મુકેશ અંબાણી ટોપ ત્રણની યાદીમાં સામેલ થઈ શકે છે. વિશ્વના સૌથી અમીર લોકોની યાદીમાં પણ તેઓ પ્રથમ સ્થાન ઉપર પહોંચી શકે છે. તેમની સંપત્તિ ખુબ ઝડપથી વધી રહી છે. મુકેશ અંબાણીની દરેક કંપનીઓ ઉલ્લેખનીય લાભ મેળવી રહી છે.

## પરીક્ષાનો પ્રારંભ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરીક્ષા આપશે. જયારે આ માટે કુલ ૧૬૪ પરીક્ષા સ્થળો પર ૧૯૩૩ બ્લોકમાં પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી ડો ભરત વાઢેરે જણાંવ્યુ હતુ કે જિલ્લાના ૧૧૧૫ બ્લોકમાં સી સી ટી વી કેમેરાની વ્યવસ્થા કરવામાં આવી છે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે જરૂરી તમામ આયોજન કરી દેવાયુ છે. આ ઉપરાંત જે ઠેકાણે પરીક્ષાના પ્રશ્નપત્રો તેમજ ઉત્તરવહી રાખવાની છે તે સ્થળને પણ પ્રથમવાર સી સી ટી વી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મોબાઈલ સાથે પરીક્ષા કેન્દ્રો પર પ્રવેશ કરવા દેવાશે નહી. આ ઉપરાંત પરીક્ષાર્થીઓ માટે જરૂરી ભૌતિક સુવિધાઓ ઉભી કરવા ઉપરાંત સ્થાનિક તબીબના સંપર્ક સહીત પરીક્ષા સ્થળ પર પાણી , લીંબુ પાણી,બિસ્કીટ સહીત ફર્સ્ટ એઈડ કીટ રાખવા માટે પણ સુચના આપવામાં આવી છે. પરીક્ષાના પ્રારંભે તમામ શાળાના વિદ્યાર્થીઓને કુમકુમ તિલક તેમજ સાકરથી સ્વાગત કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારનો ભય ન રહે તેમજ શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષાની કામગીરી સંપન્ન થાય તે માટે પુરતો પોલીસ બન્દોબ્સત રાખવામાં આવ્યો છે. પરીક્ષા દરમિયાન કેન્દ્રો આસપાસ અસામાજિક તત્વો પણ કનડગત ન કરે તે માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવશે.



ઈન્શ્યુરન્સના બ્રાન્ડ એમ્બેસેડર મનોજ પંડ્યાના ધર્મપત્નિ તથા ચેરમેન ક્લબ એજન્ટ નીપા પંડ્યાનો ન્યુ ઈન્ડિયા એન્શ્યુરન્સ કંપનીની તાજેતરમાં પૂણે ખાતે યોજાયેલી ઓલ ઈન્ડિયા ચેરમેન ક્લબની મીટીંગમાં બેસ્ટ એજન્ટના એવોર્ડથી નવાજવામાં આવ્યાં છે. તેમને આ એવોર્ડ કંપનીના ચેરમેન અતુલ સહાયના હસ્તે એનાયત કરાયો હતો. આ ઉપરાંત અમદાવાદ ખાતે પણ રીજીયોનલ મેનેજર ગુપ્તાજી દ્વારા સન્માનવામાં આવ્યાં હતા.

